| GJVL040027142026 | | | |
|---|---|---|---|
| | રજુ તારીખ | ::– | ૨૦/૦૫/૨૦૨૬ |
| | દાખલ તારીખ | ::– | ૨૦/૦૫/૨૦૨૬ |
| | નિકાલ તારીખ | ::– | ૧૦/૦૮/૨૦૨૬ |
| | સમય ગાળો | ::– | વર્ષ–માસ–દિવસ |
| | | | **૦૦–૦૨–૨૦** |

**<u>ઉમરગામના મહેરબાન એડી.જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુકામ– ઉમરગામ.</u>**

**ફોજદારી કેસ નંબર::– ૨૩૭૫/૨૦૨૬**
**આંક::–**

ફરીયાદી ::– શ્રી સરકાર.

**–: વિરૂધ્ધ :–**

આરોપી ::– સુરેખાબેન ગણપતભાઈ ભંડારી, ઉ.વ.૪૮,
રહેવાસી: ભંડારવાડ, દેહરી,
તા. ઉમરગામ, જી. વલસાડ

**ફરીયાદપક્ષે વિદ્ધાન એ.પી.પી.શ્રી :– વાય.જી.વસાવા**
**આરોપીના તરફે વિદ્ધાન વકીલશ્રી :– વી.આઈ.ટંડેલ**

**ગુનો:: ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટ કલમ ૬૫ એએ મુજબ**

**–:ચુકાદો:–**

૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તારીખ ૦૩/૦૨/૨૦૨૬ ના રોજ આરોપીએ પોતાના કબજા ભોગવટામાં વગર પાસ પરમીટનો ગેરકાયદેસરનો દેશી દારુ લી.– ૦૬ કિંમત રૂા. ૧૨૦૦/– નો ઉપયોગ તથા વેચાણ કરવા સારુ પોતાના કબજામાં રાખી, ધી પ્રોહી. એકટ કલમ ૬૫ એએ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કર્યાનો આરોપી ઉપર આક્ષેપ છે.

**<u>પોલીસ કાર્યવાહી.</u>**

૨) આરોપી વિરૂદ્ધ ઉપરોક્ત પ્રોહીબીશન એક્ટની કલમ મુજબ ગુના સબબની ફરીયાદ આ કામના ફરીયાદીશ્રીએ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા, તે આધારે પી.એસ.ઓ.શ્રી દ્વારા ગુન્હા રજીસ્ટર્ડ નંબર કરી આગળની તપાસ સોપવાનો હુકમ કરવામાં આવેલ. સદર ગુન્હાની તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસ કરી, જરૂરી પંચનામા કરી, લાગતા વળગતા સાહેદોના જવાબો લઈ આરોપીને અટક કરેલ અને આરોપી વિરૂદ્ધ ગુના સબબના પુરાતા પુરાવા મળી આવતા અત્રેની અદાલત સમક્ષ ચાર્જશીટ રજુ કરેલ છે.

**<u>કોર્ટ કાર્યવાહી.</u>**

૩) આ કામે આરોપીને સમન્સ બજતા આરોપી કોર્ટમાં રૂબરૂ તેમના વકીલ મારફત હાજર થતા તેઓને **બી.એન.એસ.એસ. એકટની કલમ ૨૩૦** મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો મળ્યા અંગેની ખાતરી કરવામાં આવેલ છે. વિશેષમાં નામદાર ગુજરાત સરકારશ્રી દ્વારા ઓર્ડીનન્સ નં. ૦૭/૨૦૧૬ થી પ્રોહીબીશન અંગેના કાયદામાં સુધારો કરવામાં આવેલ છે અને ગુનાઓની સજાની જોગવાઈ વધારવામાં આવેલ છે અને આ ઓર્ડીનન્સ તા. ૧૯/૧૨/૨૦૧૬ થી અમલી બનેલ છે. આ ઉપરાંત સદર ઓર્ડીનન્સ દ્વારા પ્રોહી. એક્ટની કલમ ૧૧૬ નાબુદ કરવામાં આવેલી છે આ કાયદા અંગેના કેસો કઈ કોર્ટમાં ચાલવાપાત્ર છે તે અંગેની કોઈ જ જોગવાઈ કરવામાં આવેલ નથી. જેથી આ અંગે કાયદાની પરિસ્થિતિ જોઈએ તો નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા તા. ૨૧/૦૯/૨૦૧૭ ના રોજ નોટીફીકેશન નં. D ૨૯૧૨-૧૩/૨૦૧૭ ના ઠરાવ મુજબ પ્રોહીબીશન ના તમામ કેસો મેજી. દ્વારા ચલાવવા વિશે જણાવવામાં આવેલ છે. વળી તે બાદ નામદાર ગુજરાત હાઈકોર્ટના માનનીય રજીસ્ટ્રારશ્રી સાહેબ ઈન્સપેકશનના પત્ર ક્રમાંક D ૨૯૧૨-૧૩/૨૦૧૭થી નામદાર

ગુજરાત હાઈકોર્ટે વડોદરાના મહે. જીલ્લા ન્યાયધીશશ્રી સાહેબનો ક્રી. મી.એ.નં. ૨૫૮૯/૨૦૧૭ માં આપેલ પ્રોહીબીશનનુ જજમેન્ટ તેના હુકમની અમલવારી માટે મોકલેલ છે. આ ઉપરાંત નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા તેમના જયંતીભાઈ મકનભાઈ ડામોર વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ક્રિ.મી.એ.નં. ૮૮૯૨/૨૦૧૮ ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ પ્રોહીબીશનના તમામ કેસો મેજીસ્ટ્રેટ કોર્ટ દ્વારા ચલાવવા પાત્ર હોઈ આ ગુન્હાની આગળની કાર્યવાહી ચલાવવામાં આવેલ છે. તેથી સદરહુ કેસમાં આરોપી સામે **આંક–૦૪** થી ગુના અંગેનું તહોમતનામું વાંચી, સંભળાવી સમજાવી ફરમાવેલ અને આરોપીનો જવાબ **આંક–૦૫** થી લેતા તેઓએ ગુનાનો ઈનકાર કરેલ અને કેસ આગળ ચલાવવાની માંગણી કરતા ફરિયાદપક્ષે પુરાવો નોંધવામાં આવેલ છે.

૪) ફરીયાદપક્ષેથી પોતાના કેસ સાબિત કરવા નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**–:મૌખીક પુરાવાઓ:–**

| **અનુક્રમ નંબર** | **સાહેદ** | **આંક** |
|---|---|---|
| ૦૧ | પંચ સાહેદ પ્રશાંત છીબુભાઈ કામળી નાઓની જુબાની | ૦૯ |
| ૦૨ | ત.ક.અ. રાકેશભાઈ મહાદેવભાઈ માંગેલા નાઓની જુબાની | ૦૮ |

**–:દસ્તાવેજી પુરાવાઓ:–**

| **અનુક્રમ નંબર** | **દસ્તાવેજો** | **આંક** |
|---|---|---|
| ૦૧ | પંચનામું | ૧૦ |
| ૦૨ | ફરીયાદ | ૧૨ |

૫) **આરોપીનુ વિશેષ નિવેદન અને દલીલો**

વધુમાં, સબબ કામે પડેલ પુરાવો જોતાં ચાર્જશીટમાં દર્શાવેલ અન્ય સાક્ષીઓ તપાસવાથી પણ કેસની હકીકતો નિ:શંકપણે પુરવાર થઈ શકે તેવી સંભાવના ન હોય તો તે તમામ સંજોગોમાં, નામદાર સુપ્રીમ કોર્ટના – **૧) ૧૯૯૬(૩), ક્રાઈમ્સ – ૮૫ – સતીષ મહેરા વિરુદ્ધ દિલ્હી એડમિનિસ્ટ્રેશન** તથા ૨) **૨૦૦૪(૪), એસ.સી.સી. ૫૮૨ મદનમોહન વિરુદ્ધ સ્ટેટ ઓફ પંજાબ**ના ચુકાદાઓમાં નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ સિદ્ધાંત કે " **જયારે આરોપીને તકસીરવાન ઠરાવવાની કોઈ શક્યતા જણાતી ન હોય ત્યારે, કોર્ટે આવા પ્રોસીડીંગ આગળ ચલાવવા ફુટાઈલ એકસરસાઈઝ કરવી ન જોઈએ**" તે સિદ્ધાંત ધ્યાને લઈ ફરિયાદપક્ષનો પુરાવો પુરો કર્યા બાદ અન્ય સાક્ષીઓ તપાસેલ નથી.

આ કામે, **પુરાવાના કાયદાની કલમ ૧૩૪/ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૩૯** વંચાણે લેતા, પુરાવાનો જથ્થો નહિ પરંતુ, પુરાવાની ગુણવત્તા અગત્યની હોય છે. હાલના કેસમાં ફરિયાદપક્ષે રેકર્ડ પર જે પુરાવો આપેલ છે તે જોતાં ફરિયાદપક્ષ તરફે અન્ય સાહેદને ન તપાસવા છતા કેસના ગુણદોષ ઉપર કોઈ અસર થતી નથી.

ત્યારબાદ, આરોપીનું **બી.એન.એસ.એસ.એકટની કલમ–૩૫૧** હેઠળ વિશેષ જવાબ લેવામાં આવેલ છે,જેમાં આરોપીએ ફરિયાદપક્ષના આક્ષેપોનો ઈન્કાર કરી બચાવમાં કોઈ સાહેદ તપાસેલ નથી કે સોગંદ ઉપર જુબાની આપેલ નથી અને વિશેષમાં તેઓ નિર્દોષ હોવાનું અને તેમની સામે ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ આ કામે બંને પક્ષ તરફે દલીલો સાંભળવામાં આવેલ છે.

૬) <u>મુદ્દા</u>

ઉપરોકત હકીકત સદરહું કેસના ન્યાયીક નિર્ણય સારૂં મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

| મુદ્દા નંબર | મુદ્દાઓ |
| --- | --- |
| **૧** | શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે સાબિત કરે છે કે, તારીખ ૦૩/૦૨/૨૦૨૬ ના રોજ આરોપીએ પોતાના કબજા ભોગવટામાં વગર પાસ પરમીટનો ગેરકાયદેસરનો દેશી દારુ લી.- ૦૬ કિંમત રૂા. ૧૨૦૦/- નો પ્રોહી મુદામાલ ગેરકાયદેસર વગર પાસ પરમીટે રાખી, ધી પ્રોહી. એકટ કલમ ૬૫ એએ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે? |
| **૨** | શું હુકમ ? |

**૭)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે.

૧) નકારમાં.

૨)આખરી હુકમ મુજબ.

**-:: <u>કારણો</u> ::-**

૮) આ કામના યોગ્ય ન્યાયિક નિર્ણય માટે ફરિયાદપક્ષ દ્ધારા રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા વંચાણે લઈ તથા નક્કી કરવામાં આવેલ મુદ્દાના નિર્ણય ઉપર પહોંચવા માટેના મારા કારણો નીચે મુજબ છે.

ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદપક્ષ ઉપર રહેલો છે. ફરિયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીમાં તમામ તબક્કે પુરાવાનો બોજો ક્યારેય આરોપી ઉપર ખસતો નથી. ફરિયાદપક્ષે માત્ર સંભવિતતા દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી ઉપરનું તહોમત નિઃશંકપણે પુરવાર કરવાનું રહે છે.

૮.૧) આ કામે ફરીયાદપક્ષેથી સાહેદ તરીકે આ કામના ત.ક.અ. રાકેશભાઈ મહાદેવભાઈ માંગેલા નાઓએ **આંક–૧૧** થી સોગંદ ઉપર પુરાવો આપેલ છે. જેમાં તેઓ જણાવે છે કે, તારીખ ૦૩/૦૧/૨૦૨૬ ના રોજ તેઓ તથા અન્ય પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલિંગમાં હતા, ત્યારે ખાનગી બાતમીના આધારે આરોપીના ઘરે જડતી તપાસ કરતા આરોપી પાસેથી પ્રોહી મુદ્દામાલ મળી આવેલ. સદર આરોપીના પાસેથી પ્રોહી. મુદ્દામાલ પંચનામાની વિગતે પંચો રૂબરૂ કબજે કરેલ. તેઓએ આરોપી વિરુદ્ધ ફરિયાદ આપેલ. જે ફરિયાદ રેકર્ડે **આંક–૧૨** થી રજુ રાખેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે, ફરીયાદીની ફરિયાદના આધારે પી.એસ.ઓ.શ્રી દ્વારા ગુનો રજીસ્ટર કરી, તપાસ તેઓને સોપતા તેઓએ તપાસ સંભાળી લીધેલ. તપાસના કામે તેઓએ આરોપીને અટક કરી, ફરીયાદ તથા પંચનામું વંચાણે લઈ સામેલ રાખેલ, તેમજ સાહેદોના નિવેદન લીધેલા અને પુરતા પુરાવા પડતાં હોય, નામ.કોર્ટ માં ચાર્જશીટ કરેલ.

સદર સાહેદો ની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ રાખે છે કે, એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાએ વસ્તી આવેલ છે. એ વાત ખરી નથી કે, ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાની માલિકી બાબતે તેઓ કોઈ ખરાઈ કરેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપીએ આવો કોઈ ગુનો કરેલ નહી. પરંતુ ખોટી તપાસ કરી તેના સમર્થનમાં ખોટી ચાર્જશીટ કરેલી છે.

૯) આમ, સદર પોલીસ સાહેદ ની સોગંદ ઉપરની જુબાનીથી પ્રોહી લગત મુદામાલ મળી આવેલ જે અંગેનું પંચનામું પંચો રૂબરૂ કરેલ હોવાની હકીકત ફલિત થાય છે. જેથી હવે જે મુદ્દામાલ કબજે કર્યાનુ પંચનામું પંચો રૂબરૂ કરેલ હોવાની હકીકત જણાવેલ છે તેવા પંચનામાના પંચ સાહેદો કે જે સ્વતંત્ર સાહેદો કહી શકાય તેઓની જુબાની ધ્યાને લેવી

જરૂરી બની રહે છે.

૯.૧) આ કામે ફરિયાદપક્ષે આરોપી વિરૂદ્ધ ગુનો નિઃશંકપણે પુરવાર કરવા માટે પંચ સાહેદ પ્રશાંત છીબુભાઈ કામળી નાઓને **આંક–૦૯** થી તપાસતા તેઓ પોતાની સોગંદ પરની જુબાની દરમ્યાનમાં સરતપાસના ભાગે સ્પષ્ટપણે જણાવે છે કે, પોલીસે માત્ર તેમની સહી લીધલી. તેઓની હાજરીમાં કોઈ પંચનામું થયેલ નથી. તેમ જણાવી **આંક–૧૦** થી પંચનામું રજુ રાખી તે પરની પંચ તરીકેની સહી ઓળખી બતાવે છે. સદર પંચનામાં ના પંચ સાહેદ હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે અને જેથી સદર પંચનામાની વિગતો પુરવાર થયેલ ગણી શકાય નહી. તે જોતાં સદર પંચનામું તેઓની હાજરીમાં કરવામાં આવેલ હોય અને તેઓની હાજરીમાં આરોપી પાસેથી ગુન્હાના કામે મુદ્ધામાલ કબ્જે કરવામાં આવેલ હોય તેવું ફરિયાદ પક્ષ સદર પંચ સાહેદની જુબાનીથી પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય સદર **આંક–૧૦** થી રજુ પંચનામા ની વિગતો ધારાસર ફરિયાદ પક્ષે પુરવાર કરેલ ન હોય ફરિયાદ પક્ષને મદદરૂપ બનતાં નથી.

૧૦) આમ, આ કામે રેકર્ડ ઉપર આવેલ સમગ્ર પુરાવો જોતાં ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ પોલીસ સાહેદની જુબાની જોતા તેઓ પોતાની સરતપાસમાં ફરિયાદ હકીકતને તથા તેમની ફરજ દરમ્યાન કરેલ કાર્યવાહી અંગે સમર્થન આપતો પુરાવો આપે છે. આ પોલીસ સાહેદો ફરીયાદપક્ષના હિત ધરાવતા સાહેદો છે. વધુમાં ફરિયાદપક્ષે પોલીસ સિવાય કોઈ અન્ય સ્વતંત્ર સાહેદોના નીવેદન લીધેલા નથી. વધુમાં, તેમના આ પુરાવાને ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ સ્વતંત્ર અને તટસ્થ એવા પંચ સાહેદની જુબાનીથી લેશમાત્ર સમર્થન મળતું નથી. ઉપર ચર્ચા કરી તે મુજબ આ કામે જે સ્વતંત્ર અને તટસ્થ પંચ સાહેદોને તપાસવામાં આવેલ છે તેઓ પોતાની સોગંદ ઉપરની

જુબાનીમાં પંચનામામાં ફક્ત પોતાની સહી હોવાનું જણાવી ઓળખી બતાવે છે તે સિવાય પંચનામાની કોઈ હકીકતને લેશમાત્ર સમર્થન આપતા નથી. ત્યારે તેવા સંજોગોમાં સ્વતંત્ર સાહેદોનાં સમર્થન વિના એકમાત્ર પોલીસ સાહેદની જુબાનીના આધારે આરોપી વિરુદ્ધનો પુરવાર થયેલો હોવાનું માની શકાય નહિ.

૧૧) જયારે પંચ સાહેદો ફરિયાદ પક્ષના કેસને સમર્થન ન આપતા હોય, આરોપીની શરીર સ્થિતિ અંગે કઈ જણાવતા ન હોય નામદાર એપેલેટ કોર્ટના ચુકાદા મુજબ આરોપીની શરીર સ્થિતિ અંગે કોઈપણ બાબત અંગે સપષ્ટતા કરતા ન હોય કે અન્ય પંચનામાની વિગતોને સમર્થન આપતા ન હોય ફરિયાદ પક્ષ ને મદદરૂપ બની શકે તેમ નથી.

આ અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટે **જીવાભાઈ ટી. વસાવા વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત**ના ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત મુજબ જયારે પંચ સાહેદો પંચનામાની હકીકતોને સમર્થન આપે નહી ત્યારે પંચનામાની વિગતો અનુસાર ગુન્હો બનેલ હોવાનું શંકાસ્પદ બની જાય છે.

આ અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટ નો સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ **સુરેશભાઈ એસ. પટેલ જીએચજે ૨૦૧૧ પાર્ટ ૨૬ પેજ ૧** ધ્યાને લેવો જરૂરી છે. જેમાં ઠરાવેલ છે કે,જો મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી અગર એક પંચસાહેદ ફરી જવાથી પણ જપ્તી અને જડતી પ્રોહિબિશનના કેસમાં Beyond Reasonable Doubt પુરવાર થઇ શકે નહી.

વધુમાં, નામદાર ગુજરાત હાઈકોર્ટે **ક્રિમીનલ અપીલ નં. ૧૬૧૬/૨૦૦૬ સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ યાદ્વેન્દ્રસિંગ સરદાર સુરજીતસિંગ જાટ તા.૨૨/૦૭/૨૦૧૬** ના પેરા– ૧૦ માં જણાવ્યા મુજબ

*On overall examination of the evidence*

*on record, it appears that from the seven witnesses examined, five witnesses belonged to police department. Two are independent panch witnesses who have been examined and they have deposed that they were called at police station and they have unloaded the rice bags and boxes containing liquor from the truck and in token thereof, they have signed. The learned Trial Court has recorded the finding that the investigating agency failed to prove conscious possession of aforesaid foreign liquor qua present respondents as well as failed to even carry out the sealing procedure in accordance with the settled guidelines issued so far dealing with such cases are concerned and further also failed to disclose during the investigation the labels indicating the brand of such liquor However, on perusal of entire evidence on record, this Court finds that while PSI Shri Vaghela received secret information, then, he could not have carried out all the investigations as regards carrying out raid, lodging complaint, carrying out all the investigation and even filing of charge sheet. In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be tainted and based upon such investigation, no conviction can be recorded. Even otherwise also the panchas have not supported the prosecution case and the case of the prosecution is not getting corroboration with the evidence and, therefore, finding recorded by the learned trial court is just and proper.*

વધુમાં, માનસિંગ **મુલુભાઈ કાઠી દરબાર વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિમીનલ રીવીઝન એપ્લીકેશન નં. ૪૩૫/૨૦૦૩** માં પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ " જો પંચ સાહેદો ફરિયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી રિકવર કરેલ મુદામાલ સીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતો હોય તેમજ સ્વતંત્ર સાહેદો તપાસેલ ન હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતોનો વિરોધાભાસ જણાતો હોય તો આરોપીને શંકાનો લાભ આપી શકાય.

**૧૨)** આમ, આ સંજોગોમાં સ્વતંત્ર સાહેદના સમર્થન વીના એક માત્ર ફરીયાદી કે જેઓ એક પોલીસ કર્મચારી છે જેથી પોલીસ સાહેદ ની જુબાનીને આધારે આરોપી સામેનો કેસ પુરવાર થયેલો ગણી શકાય નહી. સદરહુ કામે તપાસવામાં આવેલ પોલીસ સાહેદ છે તે ફરિયાદ પક્ષના હિત ધરાવતા સાહેદ ગણી શકાય. આમ છતા હાલના કેસને જો સ્વતંત્ર પંચ સાહેદોનું ફરિયાદ પક્ષના કેસને સમર્થન મળેલ હોત તો, ફરિયાદ પક્ષના કેસને તપાસવામાં આવેલ પોલીસ સાહેદની જુબાનીને સમર્થનકારી પુરાવા તરીકે ગ્રાહ્ય રાખી શકાત પરંતુ આ કામે જયારે સ્વતંત્ર પંચ સાહેદોનુ ફરિયાદપક્ષના કેસ ને સમર્થન પ્રાપ્ત થયેલ નથી ત્યારે એક માત્ર પોલીસ સાહેદોની જુબાનીથી તથા રજુ પુરાવાઓના આધારે આરોપી સામેનો કેસ પુરવાર થતો નથી. આમ, આ કામના રજુ થયેલ પુરાવા એ નિઃશંકપણે સાબિત કરવામાં નિષ્ફળ નીવડેલ છે કે આરોપીએ ગુજરાત પ્રોહિબીશન એક્ટની કલમ ૬૫ એએ મુજબ નો ગુનો કરેલ છે, જેથી મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં નિર્ણિત કરી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-:: હુકમ ::-</u>**

**૧)** આ કામના આરોપી સુરેખાબેન ગણપતભાઈ ભંડારી, ઉ.વ.૪૮, રહેવાસી: ભંડારવાડ, દેહરી, તા. ઉમરગામ, જી. વલસાડ નાઓને બી.એન.એસ.એસ. એકટની કલમ ૨૭૧(૧) મુજબ ગુજરાત

પ્રોહિબીશન એક્ટની કલમ ૬૫ એએ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આ કામે કબજે લેવામાં આવેલ પ્રોહી. મુદ્દામાલનો અપીલ સમય વીત્યે નાશ કરવો.

૩) બી.એન.એસ.એસ. એકટની કલમ ૪૮૧ મુજબ આ કામના આરોપીએ અપીલ સમય સુધીના રૂ. ૧૫૦૦૦/– ના જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા રજુ રાખવા અથવા વિકલ્પે અગાઉના જામીન ખત અપીલ સમય સુધી ચાલુ રાખવા અને અપીલ સમય પુરો થયા બાદ રદ્દ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી ને જાહેર કરવામાં આવ્યો.

તારીખ ::–૧૦/૦૮/૨૦૨૬
સ્થળ ::–ઉમરગામ

(ઋષિકેશસિંહ હરિશસિંહજી ચૌહાણ)
એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ઉમરગામ.
કોડ નંબર–જી.જે–૦૧૬૧૨